અપીલ અરજી નં.૧ તા.૧–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદની તા.૧૨–૩–૧૦ ની અરજીથી ૧૧/૨૧૧૧ વાળી મિલ્કતની માહિતીના મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧/૨૦૧૦–૧૧

શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદની તા.૧૨–૩–૧૦ ની અરજીથી ૧૧/૨૧૧૧ વાળી મિલ્કતની માહિતીના મુદ્દા નં. ૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આઉટ નં./૧૮૬૭ તા.૨૬–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૩૩ તા.૮–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીની ફી ની વિગતસહ નકલ રજૂ કરવા તથા શું નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/૧૦૭ તા.૨૨–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજની નકલ તથા અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૮૬૭ તા.૨૬–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૨–૩–૧૦ ની અરજીથી અરજદારે વિષયમાં વોર્ડ નં.૧૧/૨૧૧૧ વાળી મિલ્કતની નીચે જણાવેલી માહિતી આરટીઆઈ એકટ હેઠળ આપવા અરજી કરેલ છે જયારે વિષય વસ્તુમાં વોર્ડ નં.૧/૨૧૧૨ ની મિલ્કત ના મુદ્દા નં.૧ થી ૧૦ ની વિગતો માંગેલ છે. (૧) ૧/૨૧૧૧ વાળી મિલ્કતની તમામ ૨૪ બિલ્ડીંગોની લે આઉટ પ્લાનની કોપી. (૨) સદર મિલ્કતોના પ્રોપર્ટીકાર્ડ. (૩) સદર મિલ્કતોના પ્લોટોના માપ સનદના આંકડાવાળી નકલ. (૪) એકસ નંબરથી પાસ થયાની નકલ. (૫) સંમતિપત્રકની નકલ. (૬) રજાચિઠ્ઠીની નકલ (૭) સંમતિપત્રકની નકલ. (૮) આર્કીટેકના લાયસન્સની નકલ. (૯) ને માલિકના પુરાવા ફાઈલમાં મુકેલ હોય તેની નકલ. (૧૦ ) ફાઈનલ પ્લાન પાસ કરનાર અધિકારીનું નામ અને લાયકાત અને કમિશ્નરની સંમતિવાળી નકલ. તથા તમામ પ્લાનની કાર્યવાહી કયા અધિકારીએ કરેલ છે અને કમિશ્નર પાસે સહી સિકકા કરાવેલ છે તેની વિગત માંગેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૬૭ તા.૨૬–૩–૧૦ થી "સબબ વિષય હેઠળ કરેલી અરજીના વિષયમાં વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ વિશે જણાવેલ છે તથા વિગતે મુદ્દા નં.૧ થી ૩ ની માંગેલ માહિતીમાં ૧/૨૧૧૧વિશે જણાવેલ છે જે વિરોધાભાસી હોય ખરેખર કયા નંબરની મિલ્કત માટે અરજદારને માહિતી જોઈએ છે તે સ્પષ્ટ જણાવ્યેથી માહિતી આપી શકાય. " તેવું અરજદારને માહિતી બાબતે જણાવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મિલ્કતની જાહેર માહિતી અધિકારીને સ્પષ્ટતા કરવાની જગ્યાએ તા.૧–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી ૧૧/૨૧૧૧ વાળી મિલ્કતની માહિતીમાં મુદ્દા નં.૧ થી ૩ માં ભુલથી ૧/૨૧૧૧ નંબર લખાયેલ છે સુધારેલ મિલ્કત નંબર ૧૧/૨૧૧૧ એ–૧ થી એ–૨૪ વાળી મિલ્કત તમામ ૨૪ બિલ્ડીંગોની માહિતી બાબત ની રજૂઆત કરેલ છે. આમ અરજદારે મુળ અરજીમાં ૧૧/૨૧૧૧ વાળી મિલ્કતની જગ્યાએ ભુલથી ૧/૨૧૧૧ જણાવ્યાનું જણાવે છે જયારે માંગણીમાં ૧૧/૨૧૧૧ મુળ અરજીમાં જણાવેલ મિલ્કત કરતાં અપીલ અરજીમાં ૧૧/૨૧૧૧ એ–૧ થી એ–૨૪ વાળી તમામ બિલ્ડીંગોની વધારાની વિગતો અપીલ તબકકે રજૂ કરેલ છે. અરજદારે સદર બાબતે જાહેર માહિતી અધિકારીએ મિલ્કતની સ્પષ્ટતા કરી માહિતી આપવાની તૈયારી દર્શાવેલ હોવા છતાં અરજદારે તેમ કરી માહિતી મેળવેલ નથી. આથી અપીલ તબકકે તે અંગે કઈ કરવાનું રહેતું નથી. તથા અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી વધારાના મિલકત નંબરો દર્શાવી માહિતી માંગેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત બાબતે સ્પષ્ટતા કરી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે તેમ છતાં અરજદારે તે કરેલ નથી. આથી અપીલ તબકકે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે યોગ્ય સ્પષ્ટતા અને મિલ્કતની ચોકકસ વિગત રજૂ કરી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ ની જોગવાઈ લાગુ કિસ્સામાં અનુસરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૫ –૧૦

ઈ.ચા.ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),...જાણ તથા અમલ માટે

(૨) શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ,